# Phone call between Prime Minister Shri Narendra Modi and H.E. Giuseppe Conte, Prime Minister of Italy

May 08, 2020

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ઈટાલીનાં વડાપ્રધાન મહામહિમ ગિયુસેપ્પે કોન્ટે વચ્ચે ફોન પર વાતચીત

મે 08, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ઈટાલીનાં વડાપ્રધાન મહામહિમ ગિયુસેપ્પે કોન્ટે સાથે ફોન પર વાતચીત કરી હતી.

વડાપ્રધાને કોવિડ-19 મહામારી મહામારીથી ઈટાલીમાં થયેલી જાનહાનિઓ માટે દિલાસો પાઠવ્યો હતો. તેણે આ કટોકટી દરમિયાન ઈટાલીનાં નાગરિકોએ દર્શાવેલા મક્કમ મનોબળની પ્રશંસા કરી હતી.

બન્ને નેતાઓએ તેઓનાં પોતાનાં દેશોમાં તથા વૈશ્વિક સ્તર પર આ મહામારીની આરોગ્યની અને આર્થિક અસરને સંબોધવા માટે આવશ્યક પગલાઓની ચર્ચા કરી હતી. તેઓએ એકબીજા પ્રત્યે એકતા વ્યક્ત કરી હતી અને એકબીજાનાં ફસાયેલા નાગરિકો તરફ પ્રદાન કરવામાં આવેલા પારસ્પરિક સહકારની પ્રશંસા કરી હતી.

વડાપ્રધાને શ્રી કોન્ટેને મહત્વની દવાઓ અને અન્ય વસ્તુઓનાં પ્રાવધાનમાં ઈટાલીને ભારત તરફથી ઉદાર રીતે સહાયતા કરવાની ખાતરી આપી હતી.

બન્ને નેતાઓ દ્વિપક્ષીય સંબંધો વધુ મજબૂત કરવા માટે ભારત અને ઈટાલી વચ્ચે સક્રિય પરામર્શ અને સહકાર ચાલું રાખવા સંમત થયા હતા.

ઈટાલીનાં વડાપ્રધાને સાનુકૂળ સમય પર ઈટાલીની મુલાકાત લેવા વડાપ્રધાનને આપેલા આમંત્રણનું પુનઃઉચ્ચારણ કર્યું હતું.

**નવી દિલ્હી**
**મે 08, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.